ક્રમાંક : ઉમશ-૧૨૧૫-૬૦-ગ૧

શિક્ષણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર

તારીખ :૪-૧૦-૨૦૧૮

પ્રતિ,

કમિશ્નરશ્રી, શાળાઓ

શાળાઓની કચેરી,

૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,

સચિવાલય, ગાંધીનગર.

વિષય : ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં ફરજ બજાવતા ઉદ્યોગ શિક્ષકોના ઉ.પ.ધો. બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે આપની કચેરીના તારીખ ૧૩-૩-૨૦૧૮ ના પત્ર ક્રમાંક: ઉમબ/ઉમા.૨/૨૦૧૮/ ના અનુસંધાને જણાવવાનુંકે, સંયુક્ત શિક્ષણ નિયામકશ્રીની કચેરીના તારીખ ૦૨-૦૭-૧૯૭૭ના પત્ર ક્રમાંક : NEP/Spl.Cell(10+2)/Tech અને તારીખ ૦૫-૦૬-૧૯૯૨ના પરિપત્ર ક્રમાંક : ઉમબ/ઉમા-૨/૨૨૦૮/૯૨-૯૩ થી ઉદ્યોગ શિક્ષકોની લાયકાત નક્કી કરવામાં આવેલ હતી. ત્યારબાદ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના તા. ૧૫-૦૨-૨૦૦૫ના પત્ર ક્રમાંક : મઉમશબ/ગ /ટે.૬/૧૫૭૨/૧૬૬૧થી પરિપત્ર ક્રમાંક : 03/2003 (સુધારો), "પરિશિષ્ટ - ૭ અ ના અનુસંધાને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં ફરજ બજાવતાં ઉદ્યોગ શિક્ષકોની લાયકાત નક્કી કરવામાં આવેલ હતી. જેને ધ્યાને લઇ ઉદ્યોગ શિક્ષકોની નિમણૂંક તારીખના આધારે જે તે સમયની લાયકાતને ધ્યાને લઇ તેમની ભરતી કરવાની રહે છે.

વધુમાં જણાવવાનું કે, શિક્ષણ વિભાગના તારીખ ૦૬-૦૧-૧૯૮૮ના પત્ર ક્રમાંક : ઉમશ/૧૨૮૭/૬૦૯૨૭/ગ.૧, તારીખ ૩૦-૧૧-૧૯૯૧ના ઠરાવ ક્રમાંક : ઉમશ/૧૨૮૭/૧૦૯૨૭/ગ.૧ અને તારીખ ૨૯-૪-૯૨ ના ઠરાવ ક્રમાંક: બમશ/૧૩૯૨/૧૦૬૬- થી સરકારી માધ્યમિક/બિન-સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળામાં ફરજ બજાવતાં ઉદ્યોગ શિક્ષકોને મળવાપાત્ર પગાર ધોરણ અને ઉચ્ચત્તર પગાર ધોરણ અંગેની જોગવાઇઓ દર્શાવવામાં આવેલ છે, આ ઠરાવોની જોગવાઇઓ સ્વયં-સ્પષ્ટ છે. આથી આ ઠરાવોની

જોગવાઇ મુજબ પગાર ધોરણ અને ઉચ્ચતર પગારધોરણ મળવાપાત્ર થાય છે જે વિદિત થવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ

(એસ.બી.ગઢવી)

સેક્શન અધિકારી

શિક્ષણ વિભાગ

નકલ રવાના :

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમદાવાદ(ગ્રામ્ય/શહેર), બહુમાળી ભવન,હિમાલયા મોલની સામે, વસ્ત્રાપુર,અમદાવાદ.
- હિસાબ અને તિજોરી નિયામકની કચેરી, વિમા અને લેખા ભવન, બ્લોક નં. ૧૭, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.